# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૭૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા. ૨૬-૦૧-૨૦૨૩

## દેશના રાષ્ટ્રિય પર્વ ૭૪માં ગણતંત્રદિન નિમિત્તે રાજીવ ગાંધી ભવન ખાતે ધ્વજવંદન

દેશના રાષ્ટ્રિય પર્વ ૭૪માં ગણતંત્રદિન નિમિત્તે રાજીવ ગાંધી ભવન ખાતે ધ્વજવંદન કાર્યક્રમમાં ઉપસ્થિત મોટી સંખ્યામાં કાર્યકરો - આગેવાનોને શુભેચ્છા સાથે સંબોધન કરતાં કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન અને સેવાદળના "તપસ્વી" શ્રી બાલુભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભારત દેશમાં અંગ્રેજોના શાસનમાં ભારતીયોનું શોષણ થતુ હતું. ભારત દેશમાં અંગ્રેજોના શાસનમાં ભારતીયોનું શોષણ થતુ હતુ. ત્યારે પુજ્ય મહાત્મા ગાંધીજીના નેતૃત્વમાં દેશમાં અંગ્રેજોને દેશ નિકાલ - "અંગ્રેજો ગાદી છોડો"ની નેમ સાથે પુર્ણ આઝાદી માટેનું જનઆંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. ભારત દેશને દુનિયાનું સૌથી સર્વશ્રેષ્ઠ બંધારણ આપવા માટે ૨૮૪ જેટલા તજજ્ઞોએ રાતદિવસ મહેનત કરીને વિવિધતામાં એકતા, સર્વોદયની વિભાવનાને સાર્થક કરતું બંધારણ દેશને આપ્યું. બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચાર સ્પષ્ટ હતા. જો સત્તામાં બેઠેલા લોકો ખોટા હશે તો ગમે તેટલુ સારૂ બંધારણ પણ કામ લાગશે નહી. દેશના બંધારણ અને સરકારના માલીક પ્રજા છે પરંતુ આજે પ્રજા માલીક હોય તેવું દેખાતુ નથી. યુવાનો, વેપારી, ખેડૂત સહિતના લોકો આજે આઝાદ નથી, છેલ્લા ઘણા સમયથી સત્તામાં બેઠેલાં લોકોની નિતિ - પધ્ધતિ જન વિરોધી છે. પ્રજાસત્તાક એટલે પ્રજાના હાથમાં રોજગાર, નોકરીની તકો, આરોગ્ય સુવિધા, શિક્ષણની વ્યવસ્થા વગેરે જેવી પાયાની સુવિધાઓ મળતી હોય તેમ જણાતુ નથી.

આજે બીજી આઝાદીની લડાઈ માટે અને દેશને એક રાખવા માટે શ્રી રાહુલ ગાંધી ૩,૯૦૦ કિ.મી. લાંબી પદયાત્રાના અંતિમ પડાવમાં છે ત્યારે ગુજરાતમાં પણ "હાથ સે હાથ જોડો" યાત્રા સમગ્ર ગુજરાતના તાલુકાઓ, નગરપાલિકાઓ, શહેરો અને ગ્રામ્ય કક્ષાએ ફેબ્રુઆરી માસથી નિકળવાની છે. પ્રજાના પ્રશ્નોને વાચા આપવા હાથ સે હાથ જોડો યાત્રાનું આયોજન સમગ્ર દેશમાં થઈ રહ્યું છે. દેશમાં લોકશાહીના મુલ્યોને સાચવવા અને બંધારણને પ્રાધાન્ય આપવું એ એકમાત્ર કોંગ્રેસ પક્ષ જ કરી શકે છે. કોંગ્રેસ પક્ષએ ભુતકાળમાં જેમ અંગ્રેજો સામે ભારતીયોના હક્ક અને અધિકાર માટે "ભારત છોડો" જનઆંદોલન કર્યું હતું તેવું સત્તા પર બેઠેલા ભાજપ સરકારની સામે લડત આપી દેશને સમાન અધિકાર, રોજગારની તકો, અભિવ્યક્તિની આઝાદી, સહિતના તમામ બંધારણીય અધિકારો આપવા માટે કોંગ્રેસ પક્ષ હંમેશા કટિબધ્ધ રહીને લડત આપતું રહેશે.

રાજીવ ગાંધી ભવન ખાતે ગણતંત્ર દિન નિમિત્તે યોજાયેલ ધ્વજવંદનના કાર્યક્રમમાં સેવાદળના કાર્યકારી અધ્યક્ષશ્રી કિરણ પ્રજાપતિ, શ્રી વિજય પટેલ, રાજ્યસભા સાંસદ ડૉ. અમીબેન યાજ્ઞિક, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી પંકજભાઈ શાહ, શ્રી બિમલ શાહ, શ્રી અશોક પંજાબી, શ્રી વિજય દવે, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના મંત્રીશ્રી નિલેશ પટેલ (લાલાભાઈ), સેવાદળના મંત્રીશ્રી પ્રકાશ ભરતીયાર, અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી નિરવ બક્ષી, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન વિપક્ષ નેતાશ્રી શહેજાદખાન પઠાણ, એસ.સી. સેલના ચેરમેનશ્રી હિતેન્દ્ર પીઠડીયા, અમદાવાદ શહેર મહિલા પ્રમુખશ્રી હેતાબેન પરીખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા ડીપાર્ટમેન્ટના કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા ડીપાર્ટમેન્ટના સહકન્વીનર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલ, પ્રવક્તાશ્રી હિરેન બેંકર, નાગજીભાઈ દેસાઈ સહિત મોટી સંખ્યામાં દરેક ફ્રન્ટલ સેલના આગેવાનો કાર્યકરો જોડાયા હતા.

(હેમાંગ રાવલ)
મીડીયા સહકન્વીનર અને પ્રવક્તા